॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૨

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER : YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૪૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. લોગુત્તમાણં **લોગ નાહાણં લોગ હિયાણં લોગ પઈવાણં લોગ પજ્જોયગરાણં** અભયદયાણં

૨. સિજ્જંસ **વિમલ મણંતં ચ જિણં ધમ્મં સંતિં ચ** વંદામિ

૩. કાએણં **ન ફાસિયં ન પાલિયં ન તીરિયં ન કિટ્ટિયં** ન સોહિયં

૪. દુવિહં **તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા** વયસા

૫. કમ્માણં **નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં અન્નત્થ** ઉસસિએણં

૬. સિદ્ધા **આરુગ્ગ બોહિલાભં સમાહિવર મુત્તમં** દિંતુ

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૮)**

૧. અભિથુઆ **સ્તુતિ કરાયેલા** ૨. બોહિદયાણં **બોધિ–સમ્યક્ના દેનારા**

૩. પચ્ચકખામિ **પરિત્યાગ કરું છું** ૪. ધમ્મ તિત્થયરે **ધર્મરૂપી તીર્થની સ્થાપના કરનારા**

૫. ન તીરિયં **પાર ઉતાર્યું ન હોય** ૬. આલોઉં **તેની આલોચના કરું છું**

૭. બોહિયાણં **બીજાને જીવાદિ તત્ત્વોનો બોધ પમાડનારા**

૮. પરિયાવિયા **પરિતાપ, ચારે બાજુથી પીડા આપી હોય**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો. (૮)**

૧. પ્રકાશ કરનારા **પયાસયરા** ૨. બીજાને રાગ–દ્વેષથી જીતાવનારા **જાવયાણં**

૩. રોગ રહિત **મરૂય** ૪. શ્રુતધર્મની આદિ કરનારા **આઈગરાણં**

૫. ક્ષય રહિત **મક્ખય** ૬. આચરણ કરવા યોગ્ય નથી **ન સમાયરિયવ્વા**

૭. સચેત પાણી **દગ** ૮. મને બતાવો **મમ દિસંતુ**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૬)**

૧. વિકથા કોને કહેવાય? **સામાયિક દરમ્યાન જે વાતચીત ધર્મ ભાવનામાં વિક્ષેપ ઊભો કરે તે વિકથા.**

૨. લોગસ્સના બીજા કયા નામ છે? બે શબ્દમાં લખો. **ચતુર્વિંશતિ સ્તવ, ઉત્કીર્તન સૂત્ર**

૩. તીર્થંકર ભગવાનના ગુરુ કોણ કહેવાય? **તેમના કોઇ ગુરુ હોતા નથી. સ્વયં બોધને પામે છે.**

૪. ગરિહામિ કોને કહેવાય? **ગુરુ સમક્ષ ખુલ્લા દિલે જેવું બન્યું તેવું કહીને ક્ષમા માંગવી.**

૫. સામાયિક શેનો ધર્મ છે? એક શબ્દમાં લખો. **નિવૃત્તિ.**

૬. મનનો બીજો, વચનનો પાંચમો, કાયાનો દશમો દોષ લખો. **યશોકીર્તિ, કલહ, વિમાસણ.**

**(૫) મને ઓળખો. (૬)**

૧. હું મોહયુક્ત ઈચ્છા છું. **સંજ્ઞા**

૨. અમે સંપૂર્ણ લોકમાં જ્ઞાનરૂપી પ્રકાશ કરનારા. **તીર્થંકર**

૩. દેવો મારા દ્વારા તીર્થંકરની સ્તુતિ કરે છે. **નમોત્થુણં**

૪. મારું બીજું નામ પુષ્પદંત છે. **સુવિધિનાથ સ્વામી**

૫. અમે જન્મ–મરણથી રહિત છીએ. **સિદ્ધ ભગવંત**

૬. ભગવાને મને આવશ્યક કીધું છે. **સામાયિક**

(૨૦)

**પ્ર.૨ સામાન્ય સમજણ વિભાગના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. અભિગમ ૩ અને ૫ **૩ અંજલિકરણ ૫ મનની એકાગ્રતા**

૨. વર્તમાન તીર્થંકર ૧, ૨ અને ૧૫ **૧ સીમંધર સ્વામી ૨ જુગમંધર સ્વામી ૧૧ ઈશ્વર સ્વામી**

૩. તત્ત્વ ૨, ૮ અને ૫ **૨ અજીવ તત્ત્વ ૮ બંધ તત્ત્વ ૫ આશ્રવ તત્ત્વ**

૪. ભયંકર દુ:ખ મળે તે ગતિ **નરકગતિ**

૫. સર્વ જીવો પ્રત્યે **મૈત્રી ભાવ**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. આપણો સમાવેશ કયા તત્ત્વમાં થાય છે? એક શબ્દમાં લખો. **જીવ તત્ત્વમાં**

૨. વર્તમાનમાં તીર્થંકર ક્યાં બિરાજે છે? **મહાવિદેહ ક્ષેત્રમાં.**

૩. શું કરવાથી જીવો દેવ ગતિમાં જાય છે?

**તપ-જપ કરનાર, ધર્મસાધના કરનાર, દયાવાન, કરુણાવાન, ગુણવાન.**

૪. અભિગમનું પાલન કેવી રીતે કરવું? બે શબ્દમાં લખો. **પૂર્ણ નિષ્ઠા, શ્રદ્ધા.**

૫. સંવર તત્ત્વ શું આવવા ન દે? **આત્મઘરમાં કર્મરૂપી ધૂળ આવવા ન દે.**

૬. સમકિતની પ્રાપ્તિ કોણ કરાવે છે? **નવ તત્ત્વની સમ્યક્ સમજ અને શ્રદ્ધા સમકિતની પ્રાપ્તિ કરાવે છે.**

૭. આપણું ભવિષ્ય કોના હાથમાં છે? **આપણું ભવિષ્ય આપણા પોતાના હાથમાં છે.**

૮. દૂરથી ધર્મસ્થાન દેખાય તો વચનથી શું કરવું? એક શબ્દમાં લખો. **મૌન.**

૯. આપણી મંઝિલ શું હોવી જોઈએ? બે શબ્દમાં લખો **મુક્તિ, મોક્ષ.**

૧૦. આચરવા જેવા તત્ત્વ કયા છે? **પુણ્ય તત્ત્વ, સંવર તત્ત્વ, નિર્જરા તત્ત્વ**

(૧૫)

**પ્ર. ૩ તત્ત્વ તથા સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(૧) ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. જૈનધર્મમાં ...... ને વિશેષ ...... આપ્યું છે. **ત્યાગ, મહત્ત્વ**

૨. બટેટાના એક ...... માં ...... આત્મા હોય છે. **શરીર, અનંત**

૩. ...... ની ગણતરી ચંદ્રના ...... ની ...... ના આધારે થાય છે. **તિથિ, પ્રકાશ, વધ-ઘટ**

૪. જૈનધર્મ ...... અને ...... એમ કહે છે. **જીવો, જીવવા દો**

૫. દિવસની શરૂઆત ...... પગે લાગી ...... અને ...... ના દર્શનથી કરવી. **પેરેન્ટ્સને, પરમાત્મા, ગુરુ**

૬. હું ...... છું. હું ...... થી જુદો એવો ...... છું. **આત્મા, દેહ, આત્મા**

૭. જેમાં ...... છે તે આત્મા છે. તેના સ્વરૂપને ...... બોલ દ્વારા જાણી શકાય. **સંવેદન, છ**

૮. કેવળજ્ઞાની ......, ...... અને ...... સંપૂર્ણ જાણે છે. **ભૂત, ભવિષ્ય, વર્તમાન**

**(૨) નીચેના વાક્ય સાચા છે કે ખોટા?** **(૫)**

૧. આત્માને ઈન્દ્રિયો વડે જાણી શકાય છે. **ખોટું.**

૨. આત્મા શરીરના દરેક ભાગમાં વ્યાપ્ત છે. **સાચું.**

૩. આપણે ભગવાન ન બની શકીએ. **ખોટું.**

૪. સુખડી એ HEALTHY INGREDIENTS થી બને છે. **સાચું.**

૫. ભગવાન સુખ–દુ:ખ આપે છે. **ખોટું.**

૬. મૃત્યુ પછી આત્મા પણ બળી જાય છે. **ખોટું.**

૭. કૃષ્ણ પક્ષમાં ૧૫ તિથિ હોય છે. **સાચું.**

૮. જન્મદિવસે સામાયિક કરવી જોઇએ. **સાચું.**

૯. શુભ ભાવમાં આયુષ્યનો બંધ પડે તો સદ્ગતિનું આયુષ્ય બંધાય છે. **સાચું.**

૧૦. સમય સાથે આત્માની શરૂઆત થઈ છે. **ખોટું.**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ભાવથી અહિંસામય બનવાથી શું લાભ થાય છે?

**જીવોને અભયદાન મળે, આપણા પાપકર્મોનો બંધ ઓછામાં ઓછો થાય.**

૨. મહાવીરના ત્રણ સિદ્ધાંતો શેનું વાતાવરણ સર્જે છે? એક શબ્દમાં લખો. **વિશ્વશાંતિ.**

૩. જંગલો કાપવાથી શું થાય છે? **ઓક્સીજનની સપ્લાય ઓછી થાય છે, કાર્બન ડાયોક્સાઈડ વધતો જાય છે.**

૪. ભગવાને કોઇપણ પરિસ્થિતિને સમજવા શું બતાવ્યું છે? એક શબ્દમાં લખો. **સાત નય.**

૫. આપણું જીવન કેવું હોવું જોઇએ? **દ્રવ્ય અને ભાવથી અહિંસામય હોવું જોઇએ.**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે જવાબ લખો.**

**(૧) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. ઉનાળાના ...... તાપની પીડા ...... થી સહન થઈ નહીં. **ધગધગતા, મરિચી**

૨. ...... ને જોઇને હાથીને ...... જ્ઞાન થયું. **દાવાનળ, જાતિસ્મરણ**

૩. ...... ને કારણે બધા કીડાઓ ...... માં આવી ગયા. **ઠંડક, રત્નકંબલ**

૪. ...... ની માળા ક્યારેય ...... નહીં. **દેવો, કરમાય**

૫. વૃદ્ધે કૃષ્ણ વાસુદેવ પ્રત્યે ...... અને ...... ભાવ વ્યક્ત કર્યો. **અહોભાવ, ઉપકાર**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૫)**

૧. તે જે વ્રત સ્વીકાર્યું છે તેનું સારી રીતે પાલન કર. **ભગવાન મહાવીર મેઘમુનિને કહે છે.**

૨. ભૂલેચૂકે પણ ભગવાનની વાણી સાંભળતો નહિ. **રોહિણેયના પિતા રોહિણેયને કહે છે.**

૩. આ ભરતક્ષેત્રનો પ્રથમ વાસુદેવ થશે. **ભગવાન ઋષભદેવ ભરત ચક્રવર્તીને કહે છે.**

૪. દેવોના આંખની પલક ક્યારેય ઝપકે નહિ. **ભગવાન મહાવીર લોકોને કહે છે.**

૫. સાચો ધર્મ તમારી પાસે છે કે પ્રભુ પાસે? **કપિલ રાજકુમાર મરિચીને કહે છે.**

(૧૦)

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. ઘરની **રસોઇ જમજે, કચ કચ કદી ના કરજે,** (૩×૨)

**સાત્વિક ભોજન કરી, ચૌવિહાર સદા કરજે,**

**આત્માની અણહારકતાને, નજર સામે ધરજે,**

**સંકલ્પ એવો કરીને પ્રભુ જેવો બનજે.** આહાર...

૨. બધા **સાથે નમ્રતાથી, મારે હવે રહેવું છે,**

**ગુરુ આજ્ઞાનું પાલન, સદા મારે કરવું છે,**

**અવગુણોને દૂર કરી, પાપ મારે ખપાવવા છે,**

**સદ્‌ગુણોનો સાથ મેળવી, પુણ્ય મારે** કમાવવા છે.

૩. ઈઇ **સંથુઓ મહાયશ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ,** (૨×૨)

**તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ** જિણચંદ.

૪. સંસ્કારી **પરિવાર મળ્યો, જન્મથી જૈનધર્મ જડ્યો, ઉપકારી શ્રીસંઘ મળ્યો,**

**ધર્મક્ષેત્ર જેવો મિત્ર જડ્યો, સત્સંગ કરો વારંવાર, ભવને સુધારી લ્યો.**

પુણ્ય.

**જય – જિનેન્દ્ર**

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.